# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 13-08-2024** **Evening : 7.10 to 7.20pm**

**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

- અમદાવાદમાં તિરંગા યાત્રાનો પ્રારંભ કરાવતા કેન્દ્રીય ગૃહમંત્રીએ વર્ષ 2047 સુધીમાં વિકસિત ભારતના સંકલ્પમાં જોડાવવા યુવાનોને અપીલ કરી.
- રાજ્યમાં "શ્રવણ તીર્થ યોજના" હેઠળ સૌથી વધુ 1 લાખ 38 હજાર 748 શ્રદ્ધાળુને લાભ મળ્યો
- સુરેન્દ્રનગર અને તાપીની ITI માં નવા ભવનનું લોકાર્પણ - બંને સંસ્થામાં 400 બેઠકનો વધારો કરાયો
- વલસાડના દરિયાકાંઠેથી પહેલી વાર પોણા છ કરોડ રૂપિયાનો માદક પદાર્થનો જથ્થો પકડાયો
- જાણીતા ગુજરાતી લેખક ઇશ્વરલાલ પરમારને કવિ નર્મદ સાહિત્ય પુરસ્કાર એનાયત કરાશે.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

## EVE AMIT SHAH - TIRANGA YATRA

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે કહ્યું છે કે તિરંગા યાત્રા દેશભક્તિ અને વર્ષ 2024 સુધી દેશના વિકાસના પ્રતિક સમાન છે. અમદાવાદના વિરાટનગર ખાતે મહાનગરપાલિકા દ્વારા યોજાયેલી તિરંગા યાત્રાનો પ્રારંભ કરાવતા શ્રી શાહે જણાવ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશ સફળતાના શિખર સર કરી રહ્યો છે. તેમણે નાગરિકોને, ખાસ કરીને યુવાનોને વર્ષ 2047 સુધી ભારતના વિકાસ માટેના લક્ષ્યાંક સંદર્ભે સક્રીય રીતે યોગદાન આપવા અપીલ કરી હતી.

(BYTE – અમિત શાહ, કેન્દ્રીય ગૃહ મંત્રી)

આ તિરંગા યાત્રામાં રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ, ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવી સહિત મોટી સંખ્યામાં નાગરિકો જોડાયા હતા.

-----------------

## TIRANGA YATRA – DISTIRCT

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે બરડા ડુંગર વિસ્તારના નેસના માલધારીઓ અને પોલીસ જવાનોએ તિરંગા યાત્રાની સોશિયલ મીડિયા પર સરાહના કરી. મુખ્યમંત્રીએ કહ્યું બરડા ડુંગર વિસ્તારના નેસના માલધારીઓ અને પોલીસ જવાનોએ સાથે તિરંગા યાત્રા યોજીને દેશભક્તિનું અનેરું ઉદાહરણ પૂરું પાડ્યું છે.

તેમણે ડુંગરની કઠીન કેડીઓને પાર કરીને 2 હજાર 90 ફૂટ ઊંચાઈએ આભાપરા ટેકરીએ તિરંગો લહેરાવ્યો છે.

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા તિરંગા યાત્રાનું આયોજન કરાયું હતું. યાત્રામાં સાંસ્કૃતિક કૃતિઓ આકર્ષણનું કેન્દ્ર બની હતી. અંદાજે 25 હજાર જેટલા નાગરિકો યાત્રામાં જોડાયા હતા.

રાજપીપલા ખાતે નર્મદા જિલ્લાકક્ષાની તિરંગા યાત્રા યોજાઈ તિરંગા યાત્રામાં પોલીસ જવાનોની બેન્ડની ટુકડી, આદિવાસી સંસ્કૃતિની ઝાંખી કરાવતી ટુકડી અને સંપૂર્ણ રેલીમાં "હર હાથ" તિરંગો નગરજનો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો. ભીલરાજા સર્કલથી શરૂ થયેલી યાત્રા રાજપીપલા બસ સ્ટેશનથી, સૂર્ય દરવાજા, સફેદ ટાવર થઈને કાલા ઘોડાસર્કલ સર્કલથી સરદાર ટાઉન હોલ પરપૂરી થઈ હતી.

ડાંગના આહવા ખાતે યોજાયેલી તિરંગા યાત્રામાં વિધાનસભાના નાયબ મુખ્ય દંડક વિજય પટેલ જોડાયા હતા.

મહેસાણા તાલુકાના ગોઝારીયા ગામ ખાતે રાજ્યસભાના સાંસદ મયંક નાયકના અધ્યક્ષ સ્થાને તિરંગા યાત્રા યોજાઈ. મોઢેરા પોલીસ દ્વારા મોઢેરા ગામ ખાતે તિરંગા યાત્રા યોજવામાં આવી.

ભુજ બસપોર્ટ ખાતે સાંસદ વિનોદ ચાવડા, ધારાસભ્ય કેશુભાઈ પટેલની ઉપસ્થિતીમાં ‘હર ઘર તિરંગા અભિયાન’ અંતર્ગત એસ.ટી બસમાં તિરંગો લહેરાવીને બસપોર્ટમાં હાજર મુસાફરોને રાષ્ટ્રધ્વજનું વિતરણ કરવામાં આવ્યું હતું.

કચ્છ જિલ્લાના રાપર ખાતે ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજાએ તિરંગાયાત્રાનો પ્રારંભ કરાવતા નાગરિકોને ઘર ઘર તિરંગો લહેરાવવા અનુરોધ કર્યો। રાપર તાલુકામાં સરહદી ગામ લોદ્રાણી તથા તાલુકાના વિવિધ ગામમાં તિરંગા યાત્રામાં

મોટી સંખ્યામાં પદાધિકારીઓ, ગ્રામજનો, પોલીસ જવાન, બીએસએફના જવાન, હોમગાર્ડના જવાનો તથા વિધાર્થીઓ જોડાયા હતા.

પંચમહાલ જિલ્લાના મુખ્યમથક ગોધરા ખાતે વિશાળ તિરંગા યાત્રા યોજાઈ, સર્વ સમાજના લોકો,વિદ્યાર્થીઓ,પોલીસ જવાનોએ ઉત્સાહભેર ભાગીદારી નોંધાવી.

પાટણમાં સાંસદ ભરતસિંહ ડાભી તિરંગા યાત્રામાં જોડાયા હતા. પાટણના એમ.એન.હાઇસ્કુલ ગ્રાઉન્ડથી શરૂ થયેલી રેલી શહેરના મુખ્ય માર્ગો પર થઇ રેલવે સ્ટેશન પાસે પુરી થઇ હતી.

----------------

## TIRTH YOJANA LABH

રાજ્યમાં "શ્રવણ તીર્થ યોજના" હેઠળ સૌથી વધુ 1 લાખ 38 હજાર 748 શ્રદ્ધાળુને લાભ મળ્યો છે. ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બૉર્ડના સચિવ આર. આર. રાવલે જણાવ્યું કે રાજ્ય સરકારની વિવિધ તીર્થદર્શન યોજનાઓનો છેલ્લા સાત વર્ષમાં 1 લાખ 42 હજારથી વધુ શ્રદ્ધાળુઓએ લાભ મેળવ્યો છે.

શ્રી રાવલે જણાવ્યું કે, વર્ષ 2017-18થી ચાલતી શ્રવણ તીર્થ દર્શન યોજના અંતર્ગત રાજ્ય સરકારે અત્યાર સુધીમાં 1 લાખ 38 હજાર 748 શ્રદ્ધાળુઓને 2 હજાર 850 બસ દ્વારા તીર્થદર્શન કરાવ્યા છે. આ યોજના હેઠળ સરકારે વડીલોને અત્યાર સુધીમાં 10 કરોડ 25 લાખ 75 હજાર રૂપિયાની સહાય કરી છે.

જ્યારે રાજ્યના 2 હજાર 564 શ્રદ્ધાળુએ કૈલાસ માનસરોવર યોજનાનો લાભ મેળવ્યો છે. આ યાત્રા માટે સરકારે શ્રદ્ધાળુઓને 581.49 લાખની સહાય

ચૂકવી છે. રાજ્ય સરકારે ગત વર્ષોમાં આ સહાયની રકમમાં વધારો કરીને તેને 50 હજાર રૂપિયા કરી છે.

------------------

## BALVANTSINH RAJPUT EMPLOYMENT IN GUJARAT

રાજ્યમાં વિદ્યાર્થીઓના કૌશલ્ય નિર્માણ અને કૌશલ્યને અનુરૂપ રોજગારીની પૂરતી તક પૂરી પાડવા સરકાર પ્રતિબદ્ધ છે, એમ શ્રમ અને રોજગાર મંત્રી બલવંતસિંહ રાજપૂતે જણાવ્યું છે. ગાંધીનગર ખાતેથી સુરેન્દ્રનગરની મૂળી અને તાપીની કુકરમુંડાના આઇ.ટી.આઇ.ના નવનિર્મિત ભવનનું વર્ચ્યૂઅલ લોકાર્પણ કરતાં તેમણે વધુમાં આ મુજબ જણાવ્યું હતું.

(બાઇટ- બલવંતસિંહ રાજપૂત)

16 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે બનેલા આ નવા ભવનના કારણે કુકરમુંડા ITIમાં બેઠક વધારીને 436 અને મૂળી ITIમાં બેઠક વધારીને 480 કરવામાં આવી છે. આમ બંને ITIમાં કુલ 400 બેઠકોનો વધારો કરાયો છે.

-----------------

## LOK RAKSHAK DAL GERLAYAK UMEDVAR

રાજ્યમાં વર્ષ 2021માં લેવાયેલી લોકરક્ષક ભરતીમાં ગેરરીતિ કરનારા 37 ઉમેદવારોને સરકારે ગેરલાયક ઠેરવ્યા છે. ગુજરાત પોલીસ ભરતી બૉર્ડના અધ્યક્ષ હસમુખ પટેલે સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં આ માહિતી આપી હતી. તેમણે કહ્યું, ભરતી પ્રક્રિયામાં ગેરરીતિ કરનારા આ 37 ઉમેદવારને રાજ્ય સરકારની ભરતીમાં આગામી ત્રણ વર્ષ માટે ગેરલાયક ઠેરવવા સરકારે નિર્ણય કર્યો છે.

--------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટ્વિટર હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

....................................

## VALSAD DRUGS SEIZED

વલસાડ જિલ્લામાં સૌપ્રથમ વખત દરિયાકાંઠેથી પોણા છ કરોડ રૂપિયાની કિંમતનો માદક પદાર્થ પોલીસે પકડ્યો છે.

વલસાડના અમારા પ્રતિનિધિ નવીન પટેલ જણાવે છે કે, વલસાડ પોલીસે દ્વારકા અને કચ્છ પોલીસની મદદથી ઉદવાડા દરિયાકાંઠેથી માદક પદાર્થના 11 પેકેટ કબજે કર્યા છે. આ જથ્થાની આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમત પોણા છ કરોડ

રૂપિયા હોવાનું જાણવા મળ્યું છે. તેમ જ આ પેકેટ અને થોડા સમય પહેલા દ્વારકામાંથી પકડાયેલા આવા પેકેટ એકસમાન હોવાનું ખૂલ્યું છે.

વલસાડ SOG અને પારડી પોલીસને દરિયાકાંઠે આવેલી સુરક્ષા દિવાલ પાસે શંકાસ્પદ પેકેટ પડ્યા હોવાની જાણ થઈ હતી. ત્યારબાદ અહીં અને અન્ય જગ્યાએ 10 કલાકના તપાસ અભિયાન હાથ ધરતા વલસાડ SOG અને પારડી પોલીસે કુલ 11 કિલો 700 ગ્રામ માદક પદાર્થનો જથ્થો કબજે કર્યો હતો.

------------------

## KAVI NARMAD LITERARY AWARD

જાણીતા લેખક બાબા ભાંડ અને ઇશ્વરલાલ પરમારને કવિ નર્મદ સાહિત્ય પુરસ્કાર એનાયત કરાશે.

મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય અકાદમીએ વર્ષ 2023-24 નો કવિ નર્મદ સાહિત્ય પુરસ્કાર જાણીતા લેખક બાબા ભાંડ અને ઇશ્વરલાલ પરમારને આપવાની જાહેરાત કરી છે. મહારાષ્ટ્ર રાજ્યનાં સાંસ્કૃતિક બાબતોના મંત્રી સુધીર મુનગંટીવારે બંને લેખકોને અભિનંદન પાઠવ્યા છે.

અકાદમી દર વર્ષે એક મરાઠી તેમજ એક ગુજરાતી લેખકને આ પુરસ્કાર અર્પણ કરે છે. બાબા ભાંડ મહારાષ્ટ્ર રાજ્ય સાહિત્ય અને સાંસ્કૃતિક બોર્ડના અધ્યક્ષ રહી ચૂક્યાં છે. અગાઉ, મધુમંગેશ કર્ણિક, મંગેશ પડગાંવકર, શંકર વૈદ્ય જેવા જાણીતા લેખકો પુરસ્કૃત થયા છે.

----------------------

# BMS MOBILE APP –icsd

રાજ્યની આંગણવાડીઓની રજૂઆતોના નિવારણ માટે લાભાર્થી વ્યવસ્થાપન પ્રણાલી - BMS મોબાઈલ એપ કાર્યરત કરાઇ છે.

આ એપના માધ્યમથી આંગણવાડી કક્ષાએ ઉદભવતી સમસ્યાઓ-પ્રશ્નો જેવા કે, આંગણવાડીની મરામત કે બાંધકામ, માનદવેતન, ગ્રાન્ટના પ્રશ્નો, અનાજ જેવી અન્ય જરૂરી સામગ્રી સમયસર ના પહોંચવી, જેવી બાબતોનો ઝડપી ઉકેલ લાવી શકાશે.

-----------------------------------------------------------------------------------------

# Weather watch group bethak

ગાંધીનગર ખાતે અધિક કલેકટર કલ્પના ગઢવીની અધ્યક્ષતામાં વેધર વૉચ ગૃપની બેઠક યોજાઇ હતી. બેઠકમાં હવામાન વિભાગના અધિકારીએ આજે અને આવતીકાલ સુધી રાજ્યમાં ભારે -હળવાથી મધ્યમ વરસાદની આગાહી બાબતે સમીક્ષા કરી હતી. તેમ જ રાજ્યમાં પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને રાખી સંબંધિત વિભાગો સાથે જરૂરી ચર્ચા કરી સંભવિત જોખમ સામે સાવચેત રહેવા અધિક કલેકટરે જણાવ્યું હતું.

હાલમાં પરિસ્થિતિને ધ્યાને રાખી વરસાદ બંધ થયા બાદ પાણી ભરાઈ ન રહે, રોગચાળો ન ફેલાય તથા બંધ રોડ-રસ્તા સત્વરે પૂર્વવત્ કાર્યરત્ થાય તે અંગે સંબંધિત વિવિધ વિભાગને જરૂરી કાર્યવાહી કરવા અંગે જણાવ્યું હતું. આ ઉપરાંત બેઠકમાં સરદાર સરોવર બંધ અને નદીઓના સ્તર અંગે સમીક્ષા કરવામાં આવી હતી.

-----